Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/- ૫૪૨૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૧/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ,
સુરત

વિષય :- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ની ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદ્દત વધારવા બાબત.
સંદર્ભ :- નાયબ નિયામક, અનુ.જાતિ કલ્યાણની કચેરી, સુરતનાં પત્ર ક્રમાંક : ના.નિ/૨૦૨૧/૮૮૩ થી ૮૯૩ તા.૦૬/૦૪/૨૦૨૨

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનાં લાભથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ તા.૧૫/૦૪/૨૦૨૨ સુધી રીઓપન કરવામાં આવેલ છે. જે અન્વયે આપની કક્ષાએથી નિયમાંનુંસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જો આપની શાળાનો કોઈ વિદ્યાર્થી સદર યોજનાના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી સબંધિત શાળાના આચાર્યની રહેશે. જે ધ્યાને લેશો.

બિડાણ :- ઉપર મુજબ

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

Azadi Ka Amrit Mahotsav

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦

ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

તા.૦૬/૦૪/૨૦૨૨

જા.નં.ના.નિ./૨૦૨૧/ 443 થી 463

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત.

(૨) રજીસ્ટ્રારશ્રી,ઉકા તરસાડિયા યુનિવર્સિટી,સુરત.

(૩) રજીસ્ટ્રારશ્રી,ઓરો યુનિવર્સિટી,સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી,પી.પી.સવાણી યુનિવર્સિટી,સુરત.

(૫) રજીસ્ટ્રારશ્રી, સાર્વજનિક યુનિવર્સિટી,સુરત

(૬) રજીસ્ટ્રારશ્રી, વનિતા વિશ્રામ વુમેન યુનિવર્સિટી,સુરત

(૭) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સિટી,સુરત

(૮) આચર્યશ્રી, આઇ.ટી.આઇ,સુરત

(૯) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,સુરત

**વિષય**:- વર્ષ:-૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨ની ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદ્દત વધારવા બાબત

**સદર્ભ**:-મે.નિયામકશ્રી પત્ર ક્રમાંક નં-અજાક/ગ-૧/૬/૨૨-૨૩/૩૫૨૬-૫૭ તા-.૫/૦૪/૨૦૨૨

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

શૈક્ષણિક  વર્ષ:-૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨માં જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ/સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય તેમજ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીઓથી શરતચુકથી ક્લોઝ કરી દિધેલ હોય તેવી રજુઆતો અત્રેની કચેરીએ આવેલ છે.

તદુપરાંત વર્ષ :-૨૦૨૧૨૨ અંતર્ગત મેડીકલ તથા પેરા મેડીકલ અભ્યાસકરમોમાં એડમીશન પ્રક્રિયા પણ ટુંક સમય પહેલા જ પુર્ણ થયેલ છે જેથી આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પણ આવરી લેવા જરીરી બને છે.

આમ,વર્ષ :૨૦૨૦૨૧ તથા વર્ષ :૨૦૨૧-૨૨ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિના લાભથી વંચિત ન રહિ જાય તે માટે શૈક્ષણિક વર્ષ-:૨૦૨૦-:૨૦૨૦-૨૧ તથા શૈક્ષણિક વર્ષ :-૨૦૨૧-૨૨ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ તા:૦૫/૦૪/૨૦૨૨ થી તા:૧૫/૦૪/૨૦૨૨ સુધી **રીઓપેન કરવામાં આવેલ છે. જેથી આપના તાબા હેઠળની તમામ શાળા/કોલેજ/સંસ્થાને સદર બાબતે જાણ કરવા આપશ્રીને** જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ:-૨૦૨૧-૨૨ ની અનુ.જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિમાં કોઈ વિધાર્થી શિષ્યવૃતિના લાભથી વંચિત રહેશે તો, તે તમામ જવાબદારી જે તે કોલેજ/સંસ્થાના પ્રિન્સિપાલની રહેશે. જે ધ્યાને લેવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના :(૧) માન.નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.

Scanned with CamScanner